# પ્રેસનોટ

"અલુણાવ્રત ઉજવણી નિમિત્તે આયોજીત મહેંદી અને સમૂહગીત સ્પર્ધા"

સુરત મહાનગરપાલિકા દ્વારા "અલુણાવ્રત ઉજવણી" નિમિત્તે નીચે મુજબની વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવેલ છે.

| ક્રમ | તારીખ/વાર | સમય | સ્પર્ધા | વિભાગ | સ્થળ | પ્રવેશફોર્મ સ્વીકારવાની અંતિમ તારીખ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨૪/૦૭/૨૦૨૬ શુક્રવાર | બપોરે ૧૨:૦૦ કલાકથી | મહેંદી સ્પર્ધા | ખુલ્લો વિભાગ (૨૧ થી ૪૦ વર્ષ) | સરથાણા કોમ્યુનિટી હોલ, સરથાણા જકાતનાકા પાસે, નાના વરાછા, સુરત | ૨૦/૦૭/૨૦૨૬ સોમવાર |
| ૨ | ૨૮/૦૭/૨૦૨૬ મંગળવાર | સવારે ૧૧:૦૦ કલાકથી | સમૂહગીત સ્પર્ધા (ગોરમાગીત, વર્ષાગીત વિ.) | પ્રાથમિક વિભાગ (ધો.૪ થી ૮) | પરફોર્મિંગ આર્ટ સેન્ટર, એલ.પી. સવાણી-ડૉ.વિક્રમભાઈ સારાભાઈ માર્ગ, અડાજણ, સુરત | ૨૩/૦૭/૨૦૨૬ ગુરૂવાર |

મહેંદી સ્પર્ધાના ખુલ્લા વિભાગમાં ૨૧ થી ૪૦ વર્ષની સુરત શહેરની મહિલાઓ ભાગ લઈ શકશે તથા સમૂહગીત સ્પર્ધામાં શહેરની પ્રાથમિક શાળાઓની ધો.૪ થી ૮ની વિદ્યાર્થીનીઓ/કન્યાઓ ભાગ લઈ શકશે. સ્પર્ધામાં ભાગ લેવા માટેના પ્રવેશફોર્મ શ્રી તાપી ભવન, સાંસ્કૃતિક વિભાગ, રૂમ નં.૨૬, ગોરધનદાસ ચોખાવાલા માર્ગ, શ્રી તાપીપુરા, સુરત ખાતેથી ઓફિસ સમય દરમ્યાન મેળવી પ્રવેશપત્ર સાથે સરકારશ્રી માન્ય પુરાવાની કોપી સહિત પરત કરવાના રહેશે. આ ઉપરાંત સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ www.suratmunicipal.gov.in/information/news પરથી સ્પર્ધામાં ભાગ લેવા બાબતની પ્રેસનોટ, નિયમો અને પ્રવેશ ફોર્મ મળી શકશે. પ્રવેશફોર્મ સ્વીકારવાનો સમય ઉપરોક્ત અંતિમ તારીખે સાંજે ૫:૦૦ કલાક સુધીનો રહેશે.

સમાચારયાદી નં. ૧૦૫ , તા.૧૪/૦૭/૨૦૨૬, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.

# સુરત મહાનગરપાલિકા

## મહેંદી સ્પર્ધાનું પ્રવેશપત્ર

## ખુલ્લો વિભાગ(૨૧ થી ૪૦ વર્ષ)

૧. સ્પર્ધકનું નામ :–

૨. સરનામું :–

૩. ટેલીફોન નંબર/મોબાઈલ નંબર :–

૪. જન્મ તારીખ :–

તા.૦૧/૦૭/૨૦૨૬ના રોજ પૂરી થતી ઉંમર :– વર્ષ : માસ : દિવસ :

આ સાથે મહેંદી સ્પર્ધાના તમામ નિયમો મેં વાંચ્યા છે. જે મને બંધનકર્તા છે. નિર્ણાયકોનો નિર્ણય મને માન્ય રહેશે.

તા. /૦૭/૨૦૨૬.

.........................................................

સ્પર્ધકની સહી.

.................................................................................................................................

**પહોંચ**

## સુરત મહાનગરપાલિકા આયોજીત ખુલ્લા વિભાગની મહેંદી સ્પર્ધા

નામ...............................................................

તા. /૦૭/૨૦૨૬.

સેકશન ઓફિસર,
સાંસ્કૃતિક વિભાગ.

**નોંધ :**– સરથાણા કોમ્યુનિટી હોલ, સરથાણા જકાતનાકા પાસે, નાના વરાછા, સુરત ખાતે યોજાનાર મહેંદી સ્પર્ધામાં **આ પહોંચતથા ફોટા સાથેનું ઓળખપત્ર વગર ભાગ લઈશકાશે નહિં.**

# સુરત મહાનગરપાલિકા
## મહેંદી સ્પર્ધાના નિયમો

અલુણાવ્રત ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા ખુલ્લો વિભાગ(૨૧ થી ૪૦ વર્ષ)ની મહેંદી સ્પર્ધાનું આયોજન તા.૨૪/૦૭/૨૦૨૬ને શુક્રવારના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે સરથાણા કોમ્યુનિટી હોલ, સરથાણા જકાતનાકા પાસે, નાના વરાછા, સુરત ખાતે કરવામાં આવેલ છે.

૧. **સ્પર્ધામાં સુરત શહેર વિસ્તારમાં રહેતી ૨૧ થી ૪૦ વર્ષની યુવતીઓ/મહિલાઓ ભાગ લઈ શકશે.**

૨. **તા.૦૧.૦૭.૨૦૨૬** ના રોજ પૂરી થતી વય મુજબ સ્પર્ધકોની ઉંમર ગણાશે.

૩. સ્પર્ધકોની ઉંમરના પુરાવા તરીકે સરકાર માન્ય પુરાવા રજુ કરવાના રહેશે.

૪. સ્પર્ધકોએ સ્પર્ધા સ્થળે પ્રવેશ માટે ફરજીયાતપણે પ્રવેશપત્રની પહોંચ અને ફોટો આઈ.ડી. રજુ કરવાનું રહેશે. અન્યથા તેઓ સ્પર્ધામાં ભાગ લઈ શકશે નહીં.

૫. **ભાગ લેનાર સ્પર્ધકે પોતાના હાથ પર જ મહેંદી મુકવાની રહેશે.**

૬. સ્પર્ધાનો સમય ૧.૦૦ કલાકનો રહેશે. સ્પર્ધામાં મહેંદીના કોન સ્પર્ધકે પોતે લાવવાના રહેશે.

૭. સ્પર્ધામાં ભાગ લેનાર સ્પર્ધકોએ સ્પર્ધાના સ્થળે પોતાના ખર્ચે નકકી કરેલા સમયે હાજર થવાનું રહેશે.**૧૫ મિનીટથી મોડા આવનાર સ્પર્ધકોને સ્પર્ધામાં પ્રવેશ આપવામાં આવશે નહિં.**

૮. સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતા સ્પર્ધકોએ સુરત મહાનગરપાલિકાના સાંસ્કૃતિક વિભાગ, મુખ્ય કચેરી, રૂમ નં.૨૬, ગોરધનદાસ ચોખાવાલા માર્ગ, તાપીપુરા, સુરત ખાતે તથા સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ www.suratmunicipal.gov.in/information/news વેબસાઈટ પરથી પ્રવેશપત્રો મેળવી ઉંમરના પુરાવા સાથે **તા.૨૦/૦૭/૨૦૨૬** સુધીમાં જમા કરાવવાના રહેશે. ત્યાર બાદ અરજી ફોર્મ સ્વીકારવામાં આવશે નહિં.

૯. સ્પર્ધા અંગે નિર્ણાયકશ્રીનો નિર્ણય આખરી ગણાશે, જે અંગે કોઈ વાદ વિવાદ કે તકરાર ચાલશે નહિં.

૧૦. સ્પર્ધા અંગેની તમામ બાબતોમાં સક્ષમ સત્તાધીશના નિર્ણય આખરી ગણાશે અને તમામને માટે બંધનકર્તા રહેશે.

Sd/-xxx
આસી.મ્યુનિ.કમિશનર,
સુરત મહાનગરપાલિકા.

**નોંધઃ–** ભરેલા પ્રવેશપત્રો શ્રી તાપીભવન, સાંસ્કૃતિક વિભાગ, રૂમ નં.૨૬, ગોરધનદાસ ચોખાવાલા માર્ગ, શ્રી તાપીપુરા, સુરત ખાતે **તા.૨૦/૦૭/૨૦૨૬, સાંજે ૫.૦૦ કલાક સુધી સ્વીકારવામાં આવશે.** ત્યારબાદ અરજી ફોર્મ સ્વીકારવામાં આવશે નહિ. સ્પર્ધકે સરથાણા કોમ્યુનિટી હોલ, સરથાણા જકાતનાકા પાસે, નાના વરાછા, સુરત ખાતે હાજર થવાનું રહેશે. વધુ માહિતી માટે સાંસ્કૃતિક વિભાગ ટે.નં.૨૪૨૩૭૫૧–૨૭૯નો સંપર્ક કરવો.

# સુરત મહાનગરપાલિકા

## સમૂહગીત સ્પર્ધાનું પ્રવેશપત્ર
## (ગોરમાગીત, વર્ષાગીત વિ.)
## (પ્રાથમિક વિભાગ–ધો.૪ થી ૮)

૧. શાળાનું નામ અને સરનામું :–

૨. શાળા/સંસ્થાના હોદ્દેદારો કે જવાબદાર વ્યકિતનું નામ–સરનામું (ફોન નંબર–મોબાઈલ નંબર સહિત) :–

૩. સ્પર્ધામાં ભાગ લેનારની વિગત

| ક્રમ | સ્પર્ધકોના નામ | ધોરણ |
|---|---|---|
| ૧. | | |
| ૨. | | |
| ૩. | | |
| ૪. | | |
| ૫. | | |
| ૬. | | |

૪. હરિફાઈ માટે પસંદ કરેલ કૃતિની વિગત :–
(કૃતિની ૨ નકલ અલગ કાગળમાં રજુ કરવાની રહેશે.)

૫. સાથ સંગત સાથેના વાદ્યનું નામ :–

સમૂહગીત સ્પર્ધા(ગોરમાગીત, વર્ષાગીત વિ.)માં ભાગ લેવા માટે પ્રવેશફોર્મ સાથે સામેલ નિયમો અમે વાંચ્યા છે, અને તે અમને કબુલમંજુર અને બંધનકર્તા રહેશે.

તા. /૦૭/૨૦૨૬.

.......................................
આચાર્યશ્રીના સહી/સિક્કા.

# સુરત મહાનગરપાલિકા

## સમૂહગીત સ્પર્ધાના નિયમો
## (ગોરમાગીત, વર્ષાગીત વિ.)
## (પ્રાથમિક વિભાગ–ધો.૪ થી ૮)

અલુણાવ્રત ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા સમૂહગીત સ્પર્ધા(ગોરમાગીત, વર્ષાગીત વિ.)નું આયોજન તા.૨૮/૦૭/૨૦૨૬ને મંગળવારના રોજ સવારે ૧૧:૦૦ કલાકે પરફોર્મિંગ આર્ટ સેન્ટર ઓડિટોરિયમ, ડો. વિક્રમભાઈ સારાભાઈ માર્ગ, અડાજણ, સુરત ખાતે કરવામાં આવેલ છે.

૧. આ સ્પર્ધામાં સુરત શહેર હદ વિસ્તારમાં આવેલ પ્રાથમિક શાળાઓની ધો.૪ થી ૮માં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓ ભાગ લઈ શકશે.

૨. એક શાળામાંથી ૬(છ) વિદ્યાર્થીનીઓનું એક જ ગાયક વૃંદ સ્પર્ધામાં ભાગ લઈ શકશે. ગીત વ્યક્તિગત રીતે રજુ નહિં કરતાં સમુહમાં રજુ કરવાનું રહેશે.

૩. એક શાળા દ્વારા કોઈ એક જ કૃતિ રજુ થઈ શકશે.

૪. પ્રવેશ ફોર્મ સાથે પસંદ કરેલ ગીતની કૃતિ શાળાના લેટરપેડ પર જ આચાર્યશ્રીના સહી સિક્કા સહિત બે નકલમાં સામેલ કરવાની રહેશે.

૫. ગીતની કૃતિ ગુજરાતી અથવા હિંદી ભાષામાં હોવી જોઈએ. **કૃતિની સમય મર્યાદા મહત્તમ ૫(પાંચ) મીનીટની રહેશે.**

૬. સાથ સંગતમાં મહત્તમ પાંચ વાજીંત્રોનો ઉપયોગ કરી શકાશે.

૭. સ્પર્ધામાં ભાગ લેનાર હરિફોએ સ્પર્ધાના સ્થળે પોતાના ખર્ચે નકકી કરેલા સમયે હાજર થવાનું રહેશે. મોડા આવનાર સ્પર્ધકોને સ્પર્ધામાં પ્રવેશ આપવામાં આવશે નહિ.

૮. સ્પર્ધા અંગે નિર્ણાયકશ્રીનો નિર્ણય આખરી ગણાશે, જે અંગે કોઈ વાદ વિવાદ કે તકરાર ચાલશે નહિં.

૯. સ્પર્ધા અંગેની તમામ બાબતોમાં સક્ષમ સત્તાધીશનો નિર્ણય આખરી ગણાશે અને તે તમામને માટે બંધનકર્તા રહેશે.

Sd/-xxx
આસી.મ્યુનિ.કમિશનર,
સુરત મહાનગરપાલિકા.

**નોંધ :** ભરેલા પ્રવેશપત્રો શ્રી તાપીભવન, સાંસ્કૃતિક વિભાગ, મુખ્ય કચેરી, રૂમ નં.૨૬, ગોરધનદાસ ચોખાવાલા માર્ગ, શ્રી તાપીપુરા, સુરત ખાતે **તા.૨૩/૦૭/૨૦૨૬ સુધી સ્વીકારવામાં આવશે.** ત્યારબાદ અરજી ફોર્મ સ્વીકારવામાં આવશે નહિ. સ્પર્ધકે સ્પર્ધા સ્થળ પરફોર્મિંગ આર્ટ સેન્ટર ઓડિટોરિયમ, ડો. વિક્રમભાઈ સારાભાઈ માર્ગ, અડાજણ, સુરત ખાતે સમયસર હાજર થવાનું રહેશે. વધુ માહિતી માટે સાંસ્કૃતિક વિભાગ ટે.નં.૨૪૨૩૭૫૧–૨૭૯નો સંપર્ક કરવો.